Extra No. 85 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, MARCH 17, 2006/PHALGUNA 26, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

### AGRICULTURE AND CO-OPERATION DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 9[th] March, 2006.

### GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.

No. GHKH-12-2006-CDE-10-2002-2259-ch.—WHEREAS certain draft rules further to amend the Gujarat Cooperative Societies Rules, 1965, were published as required by sub-section (3) of section 168 of the Gujarat Cooperative Societies Act, 1961 (Guj. X of 1962) at page 8.1 of the Gujarat Government Gazette, Extra Ordinary, Part IV-B, dated the 5th January, 2006, under the Government notification, Agriculture and Cooperation Department No. GHKH-49-2005-CDE-10-2002-2259-K dated the 28th December, 2005 inviting objections and suggestion from all persons likely to be affected thereby within thirty days from the date of its publication in the *Official Gazette.*

AND WHEREAS, no objections or suggestions have been received on the aforesaid notification by the Government;

NOW, THEREFORE, in exercise of the powers conferred by section 168 of the Gujarat Cooperative Societies Act, 1961 (Guj. X of 1962), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Cooperative Societies Rules, 1965, namely:-

1. These rules may be called the Gujarat Co-operative Societies (Second Amendment), Rules, 2006.

2. In the Gujarat Co-operative Societies Rules, 1965, in the Schedule A, appended thereto, under the heading "3-Non-Agricultural Credit Cooperative Societies, the following entry and shall be deleted, namely:-

   (a) "(4) Urban Cooperative Banks,"

   (b) "Note-Urban Cooperative Banks: For every branch in the State Rs. 750/- will be charged as audit fees; for every branch outside the State an audit fee of Rs. 1,150/- will be charged."

By order and in the name of the Governor of Gujarat,

**A. M. PATEL,**
Deputy Secretary to Government.

કૃષિ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૦૬.

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧.**

ક્રમાંક:-જીએચકેએચ/૧૨/૨૦૦૬/સીડીઈ/૧૦/૨૦૦૨/૨૨૫૯/ચ.- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ-૧૬૮ ની પેટા કલમ(૩) થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ વધુ સુધારવા માટેના નિયમોનો અમુક મુસદ્દો, કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૦૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૪૯/૨૦૦૫/સીડીઈ/૧૦/૨૦૦૨/૨૨૫૯/કે હેઠળ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૬ ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બી ના પાના ૮.૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સરકારને ઉપર્યુકત જાહેરનામા અંગે કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ ના ગુજરાત ૧૦મા)ની કલમ-૧૬૮ ની મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૦૬ કહેવાશે.

૨. ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ માં તેને જોડેલી અનુસૂચિ ક માં,

''૩ બિન કૃષિ વિષયક સહકારી ધિરાણ મંડળીઓ'' શીર્ષક હેઠળ, નીચેની નોંધ અને બાબત કમી કરવી:-

(ક) ''(૪) શહેરી સહકારી બેન્કો.''

(ખ) ''નોંધ- શહેરી સહકારી બેંકો: રાજ્યમાં આવેલ શાખા માટે રૂા. ૭૫૦/-ઓડીટ ફી તરીકે ચાર્જ કરવામાં આવશે, રાજ્ય બહારની દરેક શાખા માટે રૂા. ૧૧૫૦/- ઓડીટ ફી ચાર્જ કરવામાં આવશે.''

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. પટેલ,
સરકારના નાયબ સચિવ.

---

**AGRICULTURE AND COOPERATION DEPARTMENT**

**ORDER**

Sachivalaya, Gandhinagar, 9th March, 2006.

**GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.**

No. GHKH-13-2006-CDE-10-2002-2259-ch.—WHEREAS a Urban Cooperative Bank is a registered Cooperative Society under Section 4 of the Gujarat Cooperative Societies Act, 1961, and the audit is required to be caused by the Registrar of Cooperative Societies under section 84, and;

WHEREAS, the business, of Urban Cooperative Banks has grown many fold during the last 15 years, and cases of serious irregularities and malpractices have been increasingly noticed therein and;

WHEREAS the Reserve Bank of India (RBI) being the Financial Regulator for the Urban Cooperative Banks under the Banking Regulation Act, 1949, has desired that the audit of Urban Cooperative Banks should be done through Chartered Accountants only to improve the quality of audit, and an Memorandum of Understanding in this regard has been signed between RBI and the State Government, and;

WHEREAS, various stakeholders including Urban Cooperative Banks, Chartered Accountants the RBI, the Gujarat Urban Cooperative Banks Federation and cooperative leaders have been consulted by the State Governmenrt regarding change in audit system and revision of scale of audit fee in the Urban Cooperative Banks;

NOW, THEREFORE, in exercise of the powers conferred by sub-section (7) of section 84 of the Gujarat Cooperative Societies Act, 1961 (Guj. X of 1962), the Government of Gujarat, hereby determines the scale of audit fees specified in the schedule annexed hereto for the Urban Cooperative Banks.

SCHEDULE

| Sr. No. | Type of Societies | Scale of Audit fees | |
|---|---|---|---|
| | Non-Agriculture Credit Cooperative Societies. | Advances by the Bank | Rate of fees. |
| 1. | Urban Cooperative Banks. | (1) Advances upto Rs. 5.00 crore. | Rs. 20,000/- |
| | | (2) Advances from Rs. 5.00 crore to Rs. 25.00 crorres. | Rs. 20,000/- + 1500 x (Advances in crores-5) |
| | | (3) Advances above Rs. 25.00 crores. | Rs. 50,000 + 1000 x (Advance in crores-25) upto a maximum of Rs. 2 lakhs. |

By order and in the name of the Governor of Gujarat,

**A. M. PATEL,**
Deputy Secretary to Government.

કૃષિ અને સહકાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૦૬.

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.**

ક્રમાંક:-જીએચકેએચ/૧૩/૨૦૦૬/સીડીઈ/૧૦/૨૦૦૨/૨૨૫૯/ચ.– શહેરી સહકારી બેંક એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજીસ્ટર્ડ થયેલી સહકારી મંડળી છે, અને કલમ-૮૪ હેઠળ સહકારી મંડળીઓના રજિસ્ટ્રારે ઓડીટ કરાવવું જરૂરી છે, અને;

શહેરી સહકારી બેંકોનો વ્યવસાય છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન અનેક ગણો વધ્યો છે, અને તેમાં ગંભીર અનિયમિતતાઓ અને ગેરરીતિઓનું પ્રમાણ વધતું જણાયું છે, અને;

બેંકિંગ નિયમન અને અધિનિયમ, ૧૯૪૯ હેઠળ શહેરી સહકારી બેંકો માટેના નાણાંકીય નિયમનકાર તરીકે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ને એવું લાગે છે કે ઓડીટની ગુણવત્તા સુધારવા માટે શહેરી સહકારી બેંકોનું ઓડીટ ફકત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ મારફત કરાવવું જોઈએ, અને આ સંદર્ભમાં ભારતીય રીઝર્વ બેંક અને રાજ્ય સરકાર વચ્ચે સમજૂતિના કરારો ઉપર સહી કરવામાં આવી છે, અને;

રાજ્ય સરકારે ઓડીટ પધ્ધતિમાં ફેરફાર અને શહેરી સહકારી બેંકોમાંના ઓડીટની ફીના ધોરણો સુધારવા સંબંધી શહેરી સહકારી બેંકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ભારતીય રીઝર્વ બેંક, ગુજરાત શહેરી સહકારી બેંક મંડળ અને સહકારી નેતાઓ સહિતની મધ્યસ્થ વ્યકિતઓ સાથે ચર્ચા-વિચારણા કરી છે;

તેથી, હવે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો) ની કલમ-૮૪ ની પેટા-કલમ-(૭) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી શહેરી સહકારી બેંકો માટે તેની સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ ઓડીટ ફીના ધોરણો નક્કી કરે છે:-

અનુસૂચિ

| અ.નં. | મંડળીનો પ્રકાર | ઓડીટ ફીનું ધોરણ | |
|---|---|---|---|
| | બિન કૃષિ વિષયક સહકારી ધિરાણ મંડળીઓ | બેંકે આપેલ ધિરાણો | ફીનો દર |
| ૧. | શહેરી સહકારી બેંકો. | (૧) રૂા. ૫.૦૦ કરોડ સુધીનું ધિરાણ | રૂા. ૨૦,૦૦૦/- |
| | | (૨) રૂા. ૫.૦૦ કરોડથી રૂા. ૨૫.૦૦ કરોડ સુધીનું ધિરાણ | રૂા. ૨૦,૦૦૦/- +૧૫૦૦ x (ધિરાણ કરોડમાં-૫) |
| | | (૩) રૂા. ૨૫.૦૦ કરોડથી ઉપરનું ધિરાણ | રૂા. ૫૦,૦૦૦/- +૧૦૦૦ x (ધિરાણ કરોડમાં-૨૫) |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. પટેલ,
સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.